ક્રમાંકઃરોતાનિ/ખ-૫/નોધણી/ફા.નં.૨૩/૦૯/૨૨૧૦(૩)/૨૦૧૧
રોજગાર અને તાલીમ નિયામકની કચેરી,
બ્લોકનં.૧/બીજોમાળ, ગુ.રા.
ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
તારીખ. ૧ /૬/૨૦૧૦
૭

પ્રતિ,
પ્રમુખશ્રી,
મહાત્મા ગાંધી કોમ્પ્યુટર સાક્ષરતા મીશન,
ટી.એફ-૧ ,રૂખગણી કોમ્પ્લેક્ષ ,સુસેન રોડ,
તરસાલી રોડ,વડોદરા-૩૯૩૦૦૦૯.

વિષયઃ- કોમ્પ્યુટર પ્રમાણપત્રોની રોજગાર કચેરી ખાતે નોધણી કરવા બાબત.
સંદર્ભ :- ઉપ સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્રક્રમાંકઃ રગર/૧૧૨૦૧૧/૧૫૨,૧૫૩/ર(૨) તા.૧૪/૬/૨૦૧૧

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે આપની સંસ્થા ધ્વારા એનાયત થતા કોમ્પ્યુટર પ્રમાણપત્રોની રોજગાર કચેરીઓમાં નોધણી કરવા બાબતે અધિક નિયામકશ્રી, રોજગાર અને તાલીમ,ગાંધીનગરને ઉદ્દેશીને કરેલ આપની તા.ર/૬/૧૧ની રજૂઆત શ્રમ અને રોજગાર વિભાગના સંદર્ભિત પત્રથી ઘટતી કાર્યવાહી સારું અત્રેની કચેરીને મળેલ છે.

કોમ્પ્યુટર પ્રમાણપત્રોની નોધણી કરવા અંતર્ગત અત્રેની કચેરીની રોજગાર સૂચના ક્રમાંકઃ ૨/૦૯ તા.૮/૪/૦૯ના પત્રથી સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય,ગાંધીનગરના તા.૧૩/૮/૦૮ના ઠરાવની જોગવાઈઓ અનુસાર જરૂરી કાર્યવાહી કરવા રાજયની રોજગાર કચેરીઓને સૂચના પરિપત્રિત કરવામાં આવેલી છે.

આપની સંસ્થા ધ્વારા એનાયત થતા કોમ્પ્યુટર પ્રમાણપત્રોની રોજગાર કચેરીમાં નોધણી કરવા સબબ જરૂરી માહીતી અને માર્ગદર્શન મેળવવા મદદનીશ નિયામક(રોજગાર)ની કચેરી,'સી'-૫, નર્મદા ભુવન,વડોદરાનો જરૂર જણાયે સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,
અધિક નિયામક
રોજગાર અને તાલીમ
ગાંધીનગર.

નકલ રવાનાઃ-
૧) ઉપસચિવશ્રી,શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સંદર્ભિત પત્ર અન્વયે જાણ સારું.
૨) મદદનીશ નિયામકશ્રી (રોજગાર),મદદનીશ નિયામકશ્રી (રોજગાર) ની કચેરી,'સી'૫ નર્મદા ભુવન, વડોદરા તરફ જાણ તેનજ ઘટતી કાર્યવાહી સારું.